૧૦,૦૦૦ કરતાં વધુ વસ્તી ધરાવતા ગામો, તાલુકા સ્થળોમાં ૧૦૦૦૦થી ઓછી વસ્તી હોય તેવા ગામ તથા ટ્રાયબલ વિસ્તારમાં વસ્તીના ધોરણોમાં ૭૦૦૦ની વસ્તી હોય ત્યાં ગટર વ્યવસ્થા (ડ્રેઈનેજ)નું માળખું પુરૂ પાડવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરએચબી–૧૦–૨૦૦૮ / ૪૪૦ / વ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨/૩/૨૦૦૯

પ્રસ્તાવના :

રાજયની ૭૦ ટકા કરતાં વધુ વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. ગુજરાત રાજયમાં ઔદ્યોગિક અને કૃષિ વિકાસનો દર ખૂબ જ ઝડપથી વધી રહયો છે. જેના કારણે રાજ્યના મોટા શહેરોની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારો અને તે સિવાયના અન્ય વિસ્તારોના મધ્યમ અને નાના શહેરોની નજીકના શહેરીકરણના અસર હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં વધારો થઈ રહયો છે. આ નવીન સુધારાત્મક અને વિકાસોત્તેજક પરિસ્થિતિના કારણે આવા વિસ્તારોમાં શહેરીકરણ હેઠળના વિસ્તારો જેવી સમસ્યાઓ પણ ઉપસ્થિત થવા પામેલ છે. શહેરીકરણની અસર હેઠળના વિસ્તારોમાં સાફ – સફાઈ, ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા, રસ્તાઓ, પીવાના પાણી, વાહનવ્યવહાર ગંદા પાણીના નિકાલ માટેની ગટર લાઈન (ડ્રેઈનેજ) વિગેરે જેવી સમસ્યાઓ ઉપસ્થિત થતી જાય છે. આ સમસ્યાઓ પરત્વે રાજય વહીવટીતંત્રની આગવી સૂઝ અને આગોતરા આયોજનના ભાગ રૂપે સર્વ પ્રથમ ગંદા પાણીના નિકાલ કરવા માટે ગટર વ્યવસ્થાનું માળખું હાથ ધરવામાં આવે તે ખૂબ જ આવશ્કય છે. હાલમાં પ્રથમ તબકકામાં મોટા ગામો જેની વસ્તી ૧૦૦૦૦ કરતાં વધુ છે તેવા ગામોનો સમાવેશ કરી તથા તાલુકા સ્થળોમાં ૧૦૦૦૦ થી ઓછી વસ્તી હોય તો પણ તેમજ ટ્રાયબલ વિસ્તારમાં વસ્તીના ધોરણોમાં ૭૦૦૦ની વસ્તી હોય ત્યાં શહેર જેવી સગવડો ગ્રામ્ય વિસ્તારમાં નિર્મિત કરી રૂર્બનનું સ્વપ્ન સાકાર કરી શકાય સને ૨૦૧૦માં રાજયમાં ઉજવવામાં આવનાર સ્વર્ણિમ ગુજરાતને અનુલક્ષીને રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં ગટર વ્યવસ્થાનું માળખું ઊભી કરી યોજનાનો ધ્યેય હાંસલ કરી શકાય.

ગામડા માટેની માળખાગત સુવિધા ગ્રામ સચિવાલય યોજના અંતર્ગત રૂરબન એરીયા ડેવલોપમેન્ટ પ્લાનના અનુસંધાનમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ અન્વયે ગામડામાં ડ્રેઈનેજ લાઈન (ડ્રેઈનેજ)ની વ્યવસ્થા કરવાનું આયોજન સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવ :

ગ્રામ સચિવાલય યોજના અંતર્ગત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પ્લાન અન્વયે ગામડામા ગટર લાઈન યોજનાનું અમલીકરણ કરવા નીચેની વિગતે આથી ઠરાવવામાં આવે છે.

**પ્રોજેકટનું કવરેજ :**

૧. ૧૦૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોને આવરી લઈ ગ્રામ્ય કક્ષાએ ગટર વ્યવસ્થાના (ડ્રેઈનેજ)માળખાનું નિર્માણ કરવાનું રહેશે.

૨. તાલુકા મથકોમાં ૧૦૦૦૦ થી ઓછી વસ્તી હોય તો પણ યોજનામાં સમાવેશ કરવાનો રહેશે.

૩. ટ્રાયબલ વિસ્તારમાં વસ્તીના ધોરણમાં ૭૦૦૦ની વસ્તીના ગામોનો સમાવેશ પ્રથમ તબકકે કરવાનો રહેશે.

**ગટર (ડ્રેઈનેજ) વ્યવસ્થાનું માળખું**

૧. ગ્રામ વિસ્તારમાં ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ગટર વ્યવસ્થા (ડ્રેઈનેજ) કરવાની રહેશે.

૨. તાંત્રિક અને ફીઝીબીલીટી સર્વે કરાવી ગટર વ્યવસ્થાનું નિર્માણ કરવાનું રહેશે.

૩. જે તે વિસ્તારની જરૂરિયાત મુજબની ગટર વ્યવસ્થા કરવાની રહેશે.

૪. મોરીનું પાણી તથા સ્ટોર્મ પાણી લઈ જવાની ગટર લાઈન નાખવાની રહેશે.

૫. જ્યાં ગટર લાઈન થોડી હયાત હોય તેનો ઉપયોગ થાય તે રીતે બાકીનું કામ પૂરું કરવાનું રહેશે.

૬. પાણીની પાંચ વર્ષની પ્રાપ્યતા નકકી કરીને આયોજન કરવાનું રહેશે.

૭. ખુલ્લી ગટરને ઉપરથી બંધ કરવાની રહેશે.

૮. લોક ભાગીદારીથી આ કામો કરવાના રહેશે.

૯. પી.પી.પી. મોડેલ વિકસાવવુ જોઈએ.

૧૦. વેસ્ટ વોટર રીસાઈકલ અંગેની વ્યવસ્થા કરવી જે ખેતી માટે વપરાય.

૧૧. ગ્રામ વિસ્તારમાં સામાન્ય રીતે માથાદીઠ ચાલીસ લીટર જેટલું પાણી આપવામાં આવે છે. ટેકનીકલ રીતે માથાદીઠ સો લીટર કરતાં ઓછું પાણી મળે તેવા ગામોમાં સિવરેઝ વર્કેબલ રહેતી નથી. તેથી આવા ગામોમાં આ ડ્રેનેજ અને સ્ટ્રોમ વોટર નિકાલ માટેની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૨. ખાસ કરીને મોટા ગામોમાં તાંત્રિક રીતે અભ્યાસ કરાવી અને તજજ્ઞોનો અભિપ્રાય મેળવી જે સ્થળે સિવરેઝ ગટર ફીઝીબલ હોય ત્યાં સિવરેઝ ગટર બનાવવી જોઈએ. જયા સિવરેઝ ફીઝીબલ જ હોય ત્યાં ડ્રેનેજ બનાવવી જોઈએ.

૧૩. ડેરી અથવા એ.પી.એમ.સી. આ માટે આગળ આવે તેવા પ્રયત્ન કરવા.

૧૪. અન્ડર ગ્રાઉન્ડ સીવરેજ જયાં જયાં ફીઝીબલ હોય ત્યાં કરવાની રહેશે.

**ગટર વ્યવસ્થા (ડ્રેઈનેજ) પ્રોજેકટનો કુલ ખર્ચ**

વર્ષ ૨૦૦૮–૦૯ માં રૂા.૫૦ કરોડ, વર્ષ ૨૦૦૯–૧૦માં રૂા.૫૦ કરોડ તેમજ વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માં રૂા.૫૦ કરોડ એમ કુલ રૂા.૧૫૦ કરોડની રકમનો વેસ્ટ વોટર ૨૬

જિલ્લઓમાં વેસ્ટ વોટર કમ સ્ટોર્મ વોટર લાઈન માટે ઉપયોગ કરવાનો રહેશે. તે માટે તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ તુરત જ આયોજન કરવાનું રહેશે.

## પ્રોજેક્ટની મુદત

આ પ્રોજેક્ટની મુદત ૩ વર્ષની રહેશે. જરૂરિયાત મુજબ રાજ્ય સરકાર આ મુદત લંબાવી શકશે.

## ડ્રેઈનેજના પ્રોજેક્ટના અમલીકરણની કાર્યપધ્ધતિ :

### રાજ્ય કક્ષાએ

૧. ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા અમલ કરવાનો રહેશે.

૨. આ યોજના અંગેનું ફંડ વિકાસ કમિશ્નરશ્રીના નિયંત્રણ હેઠળ રહેશે.

૩. તાંત્રિક કામગીરી અને માર્ગદર્શન માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવાની રહેશે. જે કામગીરી ગુ.ગ્રા.ગૃ.નિ.બોર્ડ, ગાંધીનગરે જાહેર નિવિદાથી કરવાની રહેશે તેમજ ડ્રેઈનેજનું સર્વે, ડિઝાઈનીંગ તથા અંદાજો બનાવવા તથા ટેન્ડર ડોક્યુમેન્ટ તૈયાર કરવાના રહેશે. તથા સમયાંન્તરે મોનીટરીંગ અને સુપરવીઝનની કામગીરી કરવાની રહેશે.

### જિલ્લા કક્ષાએ

– જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવાની રહેશે જે ગટર વ્યવસ્થા પ્રોજેક્ટનું અમલીકરણ કરશે.

– હાલ પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રીનો ઉપયોગ કરવાનો રહેશે. પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ (પીઆઈયુ) જિલ્લામાં ઊભું કરવાનું રહેશે. ડી.ડી.ઓ. રૂર્બન ઓફિસર તરીકે પી.આઈ.યુ.ના હેડ રહેશે.

– તજજ્ઞો નિમણૂંક થાય ત્યાં સુધી ડી.ડી.ઓ / રૂર્બન ઓફિસર ૧૦૦૦૦ અને તેથી વધુ વસ્તીવાળા તથા તાલુકા મથકોએ ૧૦૦૦૦ થી ઓછી ૫૦૦૦ સુધીની વસ્તી હોય તો પણ તેમજ ટ્રાયબલ વિસ્તારમાં વસ્તીના ધોરણોમાં ૭૦૦૦ની વસ્તીવાળા ગામોનો સર્વે, લેવલીગ લઈ નકશો બનાવી રાખવાનો રહેશે.

### ગ્રામકક્ષાએ

– ગટર વ્યવસ્થાનો પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ રોજબરોજનું સંચાલન ગ્રામ પંચાયતે સંભાળવાનું રહેશે.

### બજેટ જોગવાઈ

૧. ગામડા માટેની માળખાગત સુવિધા ગ્રામ સચિવાલય યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૦૮–૦૯ માટે અંદાજપત્રમાં રૂ.૫૦.૦૦ કરોડ (રૂપિયા પચાસ કોરડ પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના ઠરાવ – ક્રમાંક – ગસચ – ૧૦–૨૦૦૮ – ૧૮૧ – ચ, ના ઠરાવથી યોજનાની વહીવટી મંજૂરી આપી છે. જે નાણાં

ગ્રામ સચિવાલય યોજના અંતર્ગતં નીચે જણાવેલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ આયોજન હેઠળ ગટર માટે કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે કરવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૭૦

મુખ્ય સદર ' ૨૫૧૫ – ૧૦૨ – પેટા સદર – ૦૮ – સીડપી ગ્રામ સચિવાલય હેઠળ નવુ પેટા સદર –૦૯ – ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ આયોજન સદરે વર્ષ – ૨૦૦૮ – ૦૯ માટે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

ઉકત મુખ્ય સદરમાં નવુ પેટા સદર – ૦૯ થી ખોલવા માટે નાણા વિભાગના તા.૨૦–૧–૦૯ નાં પત્ર ક્રમાંક : ઓએનએસ–૧૦–૨૦૦૮–ઓ–૧૯૩–ક,થી મંજૂરી મળેલ છે.

૩. ગામડા માટેની માળખાગત સુવિધા ગ્રામ સચિવાલય યોજના અંતર્ગત ગામડામાં ગટર લાઈનની વ્યવસ્થા કરવાની કામગીરીને અગ્રતાના ધોરણે કરવાના સરકારશ્રીના અભિગમને ધ્યાને લેતાં આ વિભાગની સમાન ક્રમાંકની પાર્ટ ફાઈલ પર નાણા વિભાગના અગ્ર સચિવશ્રી (ખર્ચ)ની તા.૧૬–૨–૨૦૦૯ની નોંધથી મળેલી મંજૂરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ડી.જે.ધારૈયા
અધિક સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, પંચાયતના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયતનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ